# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (બી) અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક- ટ્રાફિક/તિરંગા યાત્રા/કાર્યક્રમ/ ૧૯૮૨ /૨૦૨૪

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર, સુરત
તા.૦૯/૦૮/૨૦૨૪

પોલીસ કમિશનર સુરત શહેર, સુરત

આગામી તા.૧૧/૦૮/૨૦૨૪ ના રોજ "તિરંગા યાત્રા" સારૂં ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ નાઓ સુરત શહેર ખાતે પધારનાર હોય જેઓ સુરત એરપોર્ટ થી લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ ખાતે જનાર હોય સદર કાર્યક્રમ વાળો રસ્તો સુરત એરપોર્ટને જોડતો મુખ્ય માર્ગ હોય તેમજ મોટા મોલ, શોપીંગ સેન્ટર, બિઝનેશ હબ આવેલા હોય અને મોટી સંખ્યામા જનમેદની હાજર રહેનાર હોય જેથી માન. મુખ્યમંત્રીશ્રી નાઓના 'તિરંગા યાત્રા"નાં કાર્યક્રમ અનુસંધાને ટ્રાફિક નિયમન જળવાઇ રહે અને કોઇ અવ્યવસ્થા ન સર્જાય તેમજ જાહેર જનતા અને આવતા જતા વાહન ચાલકોને અવર-જવરમાં અડચણ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે હેતુસર એસ.કે.નગર ચાર રસ્તાથી SVNIT સર્કલ તથા પરત SVNIT સર્કલથી એસ.કે.નગર ચાર રસ્તા સુધીનાં મુખ્ય માર્ગની બન્ને તરફ આવતા-જતા વાહનો (સર્વિસ રોડનો ઉપયોગ અવર-જવર કરવા માટે કરી શકાશે) તથા જોલી પાર્ટી પ્લોટ ચાર રસ્તાથી Y-જંકશન સુધીના મુખ્ય માર્ગની બન્ને તરફ આવતા-જતા વાહનો (સર્વિસ રોડનો ઉપયોગ અવર-જવર કરવા માટે કરી શકાશે) તેમજ જોલી પાર્ટી પ્લોટ ચાર રસ્તાથી રાહુલરાજ મોલ ત્રણ રસ્તા તરફ આવતા-જતા વાહનોને તા.૧૧/૦૮/૨૦૨૪ ના રોજ ક.૧૩/૦૦ થી કાર્યક્રમ પુર્ણ થાય ત્યા સુધી ઉપરોક્ત રૂટ ઉપરથી તમામ પ્રકારના વાહનોની અવર-જવર કરવા તેમજ પાર્કિંગ કરવા ઉપર તથા સદર રૂટવાળા મુખ્ય માર્ગ તથા મુખ્ય માર્ગને અડીને આવેલ તમામ ગલી-નાકા, ચાર રસ્તા ઉપરથી મુખ્યમાર્ગ ઉપર પ્રવેશવા તેમજ ક્રોસીંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

ઉપરોક્ત વિગતે હું અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) મુજબ મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાના નિર્ણય ઉપર આવેલ છું.

## :: પ્રતિબંધિત વિસ્તાર અને કૃત્ય ::

(૧) એસ.કે.નગર ચાર રસ્તાથી SVNIT સર્કલ તથા પરત SVNIT સર્કલથી એસ.કે.નગર ચાર રસ્તા સુધીનાં મુખ્ય માર્ગ ઉપર આવતા-જતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર કરવા તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ રહેશે. (સર્વિસ રોડનો ઉપયોગ અવર-જવર કરવા માટે કરી શકાશે)

(૨) જોલી પાર્ટી પ્લોટ ચાર રસ્તાથી Y-જંકશન સુધીનાં મુખ્ય માર્ગની બન્ને તરફ આવતા-જતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર કરવા તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ રહેશે. (સર્વિસ રોડનો ઉપયોગ અવર-જવર કરવા માટે કરી શકાશે)

(૩) જોલી પાર્ટી પ્લોટ ચાર રસ્તાથી રાહુલરાજ મોલ ત્રણ રસ્તા તરફ આવતા-જતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર કરવા તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ રહેશે.

(૪) એસ.કે.નગર ચાર રસ્તા ઉપર વાહનોની અવર-જવર કરવા તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ રહેશે.

(૫) ઉંધના-મગદલા વેસુ ચાર રસ્તાથી ગણગૌર ચાર રસ્તા(વિજ્યાલક્ષ્મી સર્કલ VIP રોડ) સુધીનાં રોડ ઉપર વાહનોની અવર-જવર કરવા તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ રહેશે.

## :: વૈકલ્પિક રૂટ ::

(૧) સુરત શહેરથી એરપોર્ટ તરફ જતાં વાહનો અઠવાગેટ થી પાર્લે પોઇન્ટ બ્રિજ નીચેથી ડાબે ટર્ન લઇ અનુવ્રત દ્વાર થી કેનાલ રોડ થઇ અગ્રવાલ ટ્રસ્ટ સ્કૂલથી આગમ શોપિંગ સેન્ટરથી ડાબે ટર્ન લઇ આભવા ચાર રસ્તાથી જમણે ટર્ન લઇ સીટી પ્લસ સિનેમાંથી એસ.કે.નગર બ્રિજ ચડી બ્રિજ ઉતરતા ડાબે ટર્ન લઇ કેનાલથી ગવિયર ગામથી એરપોર્ટ તરફ જઇ શકાશે.

(૨) સુરત શહેરથી એરપોર્ટ તરફ જતાં વાહનો અઠવાગેટ થી પાર્લે પોઇન્ટ બ્રિજથી SVNIT થી ટર્ન લઇ ઉમરાગામ, ઉમરા પાલ બ્રિજથી ડાબે ટર્ન લઇ ભાઠા ગામથી ONGC બ્રિજથી ડાબે ટર્ન લઇ તાપી બ્રિજ ઉતરી જમણે ટર્ન લઇ કેનાલથી ગવિયર ગામથી એરપોર્ટ તરફ જઇ શકાશે.

(૩) મગદલ્લા ગામ તરફથી આવતા જતાં વાહનો અમોર હોટલ મગદલ્લા ગામ ત્રણ રસ્તાથી સર્વિસ રોડનો ઉપયોગ કરી ONGC કોલોની થી એસ.કે.નગર તરફથી જઇ શકાશે.

## :: અપવાદ ::

ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, SMCના વાહનો અને ગુજરાત સરકારશ્રીના તમામ વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ-૩૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તા.૧૧/૦૮/૨૦૨૪ ના રોજ કલાક-૧૩/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૦૯/૦૮/૨૦૨૪ નાં રોજ મારા સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

પોલીસ કમિશ્નર સુરત શહેર, સુરત

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

સવિનય નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.) ગુજરાત રાજય, ગાંધીનગર.
(૪) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક, સુરત શહેર.
(૬) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.
(૭) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૨, સુરત શહેર.
(૮) અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ, સુરત શહેર.
(૯) પોલીસ મહાનિરીક્ષક, સુરત વિભાગ, સુરત.
(૧૦) કલેકટરશ્રી, સુરત શહેર.
(૧૧) મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત શહેર.
(૧૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧, ૨, ૩, ૪,૫,૬ અને કંટ્રોલ, ટ્રાફિક, ક્રાઇમ સુરત શહેર
(૧૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૧૪) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૫) મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ,બી,સી,ડી,ઈ,એફ,જી,એચ,આઇ,જે,કે,એલ, ટ્રાફિક, કંટ્રોલ, વિશેષ શાખા, હેડ કવાર્ટસ સુરત શહેર.
(૧૬) તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર (નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૭) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(૧૮) નિયામકશ્રી, માહિતી ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૧૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૨૦) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૨૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સુરત રેલ્વે પોલીસ સ્ટેશન.
(૨૨) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર (૨૦ નકલ) વર્તમાન પત્રો ટી.વી. ચેનલોને આપવી.

સવિનય નકલ રવાના :-

(૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુજરાત રાજય સોલા રોડ, અમદાવાદ.
(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ, સુરત.
(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશયલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેસન્સ જજ કોર્ટ, સુરત.
(૫) એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.
(૬) એકઝીકયુટીવ મેજી.શ્રી, ચોર્યાસી તાલુકા.
(૭) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત.

પોલીસ કમિશ્નર
શહેર, સુરત.